૨૩૪/૫૨

પંચાયત સેવા વર્ગ-૩ માંથી ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ માં બઢતી આપવા માટે ખાતાકીય પસંદગી સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ઈએસઆર-૧૦૨૦૦૫-મંત્રી- ૨૯-જ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬-૦૪-૨૦૦૫

વંચાણે લીધાઃ- (૧) પંચાયત ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગનો તા.૫-૮-૭૬નો ઠરાવક્રમાંકઃ ઈએસપી- ૧૦૭૬-૩૨૬૧-૦૪

ઠ રા વ :-

પંચાયત સેવા વર્ગ-૩ માંથી ગુજરાત વિકાસ સેવા વર્ગ- ૨માં બઢતી આપવા માટેની ખાતાકીય પસંદગી સમિતિની રચના સંદર્ભ ક્રમાંકઃ (૧) ના ઠરાવથી કરવામાં આવી હતી.

મામલતદાર સંવર્ગ વર્ગ-૨ અને ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ એ બંને સંવર્ગો ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ ની ફીડર કેડર છે. નાયબ મામલતદાર વર્ગ-૩ સંવર્ગમાંથી મામલતદાર સંવર્ગ વર્ગ-૨ બઢતી આપવાની સમગ્ર કામગીરી મહેસૂલ વિભાગ કરે છે જ્યારે પંચાયત સેવા વર્ગ-૩ માંથી વિકાસ સેવા વર્ગ-૨મા બઢતી આપવાની કામગીરી વિકાસ કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવે છે. આ કામગીરીમાં એક સૂત્રતા જળવાઈ રહે તેમજ આ કામગીરીમાં વધુ ગુણવત્તા અને ત્વરા લાવી શકાય તેમાટે ખાતાકીય પસંદગી સમિતિની પુનઃ રચના કરવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી. આ સંદર્ભમાં કાળજીપૂર્વકની વિચારણા બાદ સંદર્ભ (૧)ના તા. ૫-૮-૭૬ના ઠરાવથી રચવામાં આવેલ ખાતાકીય પસંદગી સમિતિ રદ કરી પંચાયત સેવા વર્ગ-૩ માંથી

વિકાસ સેવા વર્ગ-૨ માં નીચે મુજબની ખાતાકીય પસંદગી સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) અગ્રસચિવશ્રી/ સચિવશ્રી
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ. — અધ્યક્ષશ્રી

(૨) વિકાસ કમિશ્નરશ્રી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર — સભ્યશ્રી

(૩) સચિવશ્રી (ગ્રામ વિકાસ )
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ — સભ્યશ્રી

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એન.દવે)
સંયુક્ત સચિવ,
પંચાયત , ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

નકલ રવાના પ્રતિ,

(૧) અગ્રસચિવશ્રી (પં.)ના રહસ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
(૨) સચિવશ્રી, (ગ્રામ વિકાસ )ના રહસ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
(૩) વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી, સમાજ કલ્યાણ- સમાજ કલ્યાણ નિયામકશ્રીની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૫) સેકશન અધિકારીશ્રી, ગ.૧ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૬) નાયબ સેકશન અધિકારી ફાઈલ.